Extra No. 161

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **SATURDAY, JUNE 20, 2026 / JYAISTHA 30, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબનો હુકમ

File No: KHD/MAG/e-file/450/2026/1758/MAG BRANCH - નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા --- (PIL) નં.૨૮/૨૦૨૪ માં તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ પસાર કરવામાં આવેલ ઓરલ ઓર્ડર તેમજ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરના તા.૦૨/૦૫/૨૦૨૬ ના પત્રના અનુસંધાને જાહેર જનતાના ધ્યાને લાવવામાં આવે છે કે "ઉદર પકડવાની જાળ (Glue Trap/Glue Board)" ના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ, વિતરણ તથા ઉપયોગ અંગે પ્રતિબંધાત્મક સૂચનાઓ અમલમાં છે. ઉદર પકડવાની જાળ (Glue Trap/Glue Board) એ એવી પદ્ધતિ છે જેમાં ઉદર અથવા અન્ય નાના પ્રાણીઓ ચીકણી સપાટી પર ચોંટી જવાથી મુક્ત થઈ શકતા નથી. પરિણામે તેઓ લાંબા સમય સુધી ભૂખ, તરસ, શારીરિક ઈજા, ગુંગળામણ તથા અન્ય પ્રકારની અસહ્ય પીડા સહન કરવા મજબૂર બને છે અને અંતે પીડાદાયક મૃત્યુ પામે છે. આમ, આ પ્રકારની પદ્ધતિ પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતામાં પરિણમે છે. જેથી નામ ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉપરોક્ત હુકમથી ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા તા.૦૫/૦૯/૨૦૨૩ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ પરિપત્રનું કડક અને અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવા સંબંધિત સત્તાધિકારીઓને સૂચનાઓ આપવામાં આવેલ છે. વધુમાં, પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦ની કલમ-૧૧ હેઠળ કોઈપણ પ્રાણીને બિનજરૂરી પીડા, યાતના અથવા વેદના પહોંચાડવી પ્રતિબંધિત તથા દંડનીય બાબત છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ખેડા જિલ્લા હદ વિસ્તારમાં તા.૦૫/૦૬/૨૦૨૬ થી તા.૦૪/૦૮/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી સર્વ સંબંધિત ઉત્પાદકો, વેપારીઓ, વિક્રેતાઓ, વિતરકો, સંસ્થાઓ તથા સામાન્ય જનતાને ઉદર પકડવાની જાળ (Glue Trap/Glue Board) નું ઉત્પાદન, સંગ્રહ, વેચાણ, વિતરણ કે ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

શિક્ષા:- આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ખેડા જિલ્લામાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં

ખેડા-નડીઆદ, તા.૪થી જુન, ૨૦૨૬

જે. બી બી. દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ

File No: KHD/MAG/e-file/450/2026/1784/MAG BRANCH - ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૌડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન વ્યવસ્થાપક પ્રવાહ/સામાન્ય પ્રવાહ પૂરક પરીક્ષા તા.૧૧/૦૬/૨૦૨૬ થી તા.૨૦/૦૬/૨૦૨૬ દરમ્યાન લેવાનાર છે. જેથી આ દરમ્યાન ઉકત પરીક્ષાઓનું સંચાલન સરળતાથી થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાદપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરિતિ કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ખેડા જિલ્લો, નડીઆદનાઓએ તા.૦૨/૦૬/૨૦૨૬ ના પત્ર જા.નં.SSC.HSC/પૂરક-પરીક્ષા/૨૦૨૬/૨૮૮૪-૮૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે. ઉકત દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આ સાથે બીડાણ કરેલ અનુસૂચિ-૧, ૨ અને ૩ મુજબના પરીક્ષા કેન્દ્રોમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર:-અનુસૂચિ-૧, ૨ અને ૩ મુજબના પરીક્ષા કેન્દ્ર તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલા તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો:-

પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું, કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/ કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/ કરાવવું, આ રીતના કોઈપણ દુમ્પ્રેરણ કે પ્રયાસમાં જો ફરજો પરના સુપરવાઈઝરશ્રી સ્ટાફ કે ખાસ તપાસણી માટેના સ્કવોડના માણસોએ સામેલ થવું, પ્રામાણિકપણે ફરજો બજાવવામાં કોઈ પ્રકારની ઉદાસીનતા સેવવી, પરીક્ષા સંબંધી ચોરીમાં મદદરૂપ થાય તેવી કોઈપણ વસ્તુ, ઈલેકટ્રોનીક આઈટમ જેવી કે, ફેક્સ, ડુપ્લીકેટીંગ, ઝેરોક્ષ મશીન, કોપીયર કે નકલ થઈ શકે તેવા કોઈપણ ઉપકરણો, સેલ્યુલર ફોન, મોબાઈલ, સ્માર્ટ વોચ, પેજર, હેન્ડ સેટ, વોકીટોકી કે કોર્ડલેસ ફોન, પુસ્તક, કાપલીઓ વિગેરેનો ઉપયોગ, ઝેરોક્ષ કાઢવાની કામગીરી, ઝેરોક્ષ નકલોનું વહન કરવું કે કરાવવામાં ફરજો પરના તમામ માણસોએ મદદગારી કે દુમ્પ્રેરણા કરવા તથા પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર.

સમયગાળો: - તા.૧૧/૦૬/૨૦૨૬ થી તા.૨૦/૦૬/૨૦૨૬ દરમ્યાન સ.ક.૦૯:૩૦ કલાક થી ૧૮:૧૫ કલાક સુધીના સમયગાળા માટે (ખેડા જિલ્લાના આ સાથે સામેલ અનુસૂચિ-૧, ૨ અને ૩ મુજબનાં જે કેન્દ્રો પર પરીક્ષા હોય તેને અનુરૂપ)

શિક્ષા:- આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત્ત કરવામાં આવે છે.

અનુસૂચિ–૧

(ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહ પૂરક પરીક્ષા (જૂન–૨૦૨૬) કેન્દ્રોની યાદી)

ક્રમ	કેન્દ્ર નં.	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળનું નામ	ફાળવેલ બ્લોકની સંખ્યા	વિદ્યાર્થી સંખ્યા
1	505	નડીયાદ(સીટી)	સેન્ટ મેરી હાઇસ્કૂલ,વૈશાલી સિનેમા સામે,નડિયાદ યુનિટ–૧	13	260
2	505	નડીયાદ(સીટી)	સેન્ટ મેરી હાઇસ્કૂલ,વૈશાલી સિનેમા સામે,નડિયાદ યુનિટ–૨	9	180
3	505	નડીયાદ(સીટી)	બાસુદીવાલા પબ્લિક હાઇસ્કૂલ,નડીયાદ	10	200
કુલ બ્લોક				32	640

અનુસૂચિ–૨

(ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહ પૂરક પરીક્ષા કેન્દ્રોની યાદી – જૂન–૨૦૨૬)

ક્રમ	કેન્દ્ર નં.	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળનું નામ	ફાળવેલ બ્લોકની સંખ્યા	વિદ્યાર્થી સંખ્યા
1	505	નડીયાદ(સીટી)	સ્વામી વિવેકાનંદ હાઇસ્કુલ ચકલાસી ભાગોળ નડીઆદ	8	240
2	505	નડીયાદ(સીટી)	ઘનશ્યામ ઈંગ્લીશ ટીચિંગ સ્કુલ મંજીપુરા રોડ નડીઆદ	10	300
3	505	નડીયાદ(સીટી)	ખુશ્બુ હાઇસ્કુલ મરીડા રોડ નડીઆદ	10	300
4	505	નડીયાદ(સીટી)	એસેન્ટ સ્કૂલિંગ કમળા બાયપાસ રોડ નડીઆદ	5	150
કુલ બ્લોક				33	૯૯૦

અનુસૂચિ–3

ધોરણ–૧૦ પૂરક પરીક્ષા કેન્દ્રોની યાદી – જૂન–૨૦૨૬

Bldg No	Bldg Name	School Name	Given Blocks	Used Blocks	School No
01	JEEVAN VIKAS HIGH SCHOOL	JEEVAN VIKAS HIGH SCHOOL	10	10	54.0310
02	VISION SCHOOL OF SCIENCE	D.D.TECHNICAL HIGHSCHOOL	8	8	54.0659
03	ST. ANNE'S HIGH SCHOOL NADIAD	ST. ANNE'S HIGH SCHOOL NADIAD	15	15	54.0010
04	NES UNIT-I	NEW ENGLSH SCHOOL	12	12	54.0001
05	NES UNIT-II	ENGLISH TEACHING SCHOOL	12	12	54.0001
06	JAWAHAR VIDYAMANDIR	JAWAHAR VIDYAMANDIR	10	10	54.0007
07	SANSKAR VIDHYALAY MADHYAMIK VIBHAG	SANSKAR VIDHYALAY MADHYAMIK VIBHAG	10	10	54.0480
08	SHRI SARASWATI HINDI VIDHYAMANDIR	SHRI SARASWATI HINDI VIDHYAMANDIR	10	10	54.0533
09	SHRI SHALUN SARVAJANIK HIGH SCHOOL, SHALUN	SHRI SHALUN SARVAJANIK HIGH SCHOOL, SHALUN	10	10	54.0023
10	BHARAT HIGH SCHOOL	BHARAT HIGH SCHOOL	12	12	54.0034
11	V M BHAGAT AND S C SONAWALA HIGH SCHOO	V M BHAGAT AND S C SONAWALA HIGH SCHOO	7	7	54.0008
12	S N PATEL ADARSH VIDYAMANDIR	S N PATEL ADARSH VIDYAMANDIR	10	10	54.0043
13	KNOWLEDGE SCHOOL	SHREE PITHESHVARI VIDHYALAY	5	2	54.0621
		TOTAL	131	128	

ખેડા-નડીઆદ, તા.૪થી જુન, ૨૦૨૬

જે. બી બી. દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.07.11 14:40:19 IST